વડીલોને વંદન અભિનંદન

નરેન્દ્રભાઈ એમ. શાહ
(૧૯૪૩)મો.૯૮૨૫૭૪૨૧૨૬


સોનજી ગુલાબસિંહ વાઘેલા
(૧૯૪૩)મો.૯૪૨૬૦૧૭૩૪૮

મનહરલાલ આર. શાહ
(૧૯૪૬)ફોન:૨૩૨૪૮૦૨૯

લલિતાબેન ઉદયકુમાર પરમાર
(૧૯૫૫)ફોન:૨૩૨૩૪૬૬૭


કે.બી. ઠાકોર
(૧૯૪૭)મો.૯૯૭૪૧૪૧૩૮૨

પેથાપુરને કાયમી એસ.ટી. કન્ટ્રોલ પોઈન્ટ આપવા પાલિકા પ્રમુખની માંગ

નિગમ દ્વારા ફાળવવામાં આવેલી એસ.ટી. બસોની અનિયમિતતાથી વિદ્યાર્થી અને નોકરીયાત વર્ગ ત્રાહિમામ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરને અડીને આવેલા પેથાપુરમાં એસ.ટી. બસો અનિયમિત થઈ ગઈ હોવાની મુસાફરોમાં બુમરાણ મચી છે. જેમાં વળી નિગમ દ્વારા નક્કી કરાયેલી બસોએ પણ પેથાપુર બાજુથી મોં ફેરવી લેતા દૈનિક આવજા કરતા વિદ્યાર્થીઓ અને નોકરીયાત વર્ગ હાલાકી ભોગવી રહ્યા છે. જે અંગેની ગ્રામજનોએ પેથાપુર પાલિકા પ્રમુખને રજુઆત કરતાં પ્રમુખે લેખિતમાં સત્તાવાળાઓને કાયમી એસ.ટી. કન્ટ્રોલ પોઈન્ટ આપવા માંગ કરી છે. છતાં પણ આજ દિન સુધી કોઈ જ કાર્યવાહી ન થતાં પ્રમુખે આ અંગે આંદોલન જ એક માત્ર માર્ગ હોવાની વાત દોહરાવી છે.

પેથાપુરને સને ૨૦૦૫માં નગરપાલિકાનો દરજ્જો અપાયો છે. વસ્તીને ધ્યાને લઈ અપાતો આ પાલિકા કક્ષાનો દરજ્જો આશરે ૨૫૦૦૦ જેટલી વસતીને સુખ, સુવિધામાં વધારો થાય તે હેતુથી અપાય છે. પરંતુ પેથાપુરને એક પછી એક અનેક સુવિધાઓથી વંચિત રાખવાનો કારસો થતો હોય તેમ મુસાફરીના એક માત્ર સરકારી પર્યાય એવી એસ.ટી. બસો નગરમાં આવતી જ નથી જેથી અસંખ્ય મુસાફરોને જોખમી અને મોંઘી મુસાફરી કરવાની ફરજ પડી રહી હોવાનું પાલિકા પ્રમુખ જણાવી રહ્યા છે. જે અંગેની અનેક ફરિયાદો નગરજનોએ પ્રમુખ સમક્ષ કરી હોવાનું પણ તેઓ જણાવે છે.

જેથી પેથાપુર નગરપાલિકાના પ્રમુખ એસ.પી. પટેલે બે માસ અગાઉ ગુજરાત રાજય વાહન વ્યવસ્થા વિભાગના મેનેજીંગ ડાયરેકટરને લેખિતમાં પત્ર લખી પેથાપુરને કાયમી એસ.ટી. કન્ટ્રોલ પોઈન્ટ આપવા માંગ કરી છે. તેઓએ પત્રમાં જણાવ્યું છે કે નિગમ દ્વારા ઘણી બસોને પેથાપુર નગરમાં ફાળવવામાં આવી છે અને આ બસો અનિયમિત રીતે આવતી હોવાનું તેમજ પેથાપુર ચોકડીથી બારોબાર જતી હોવાની મુસાફરોની અનેક ફરીયાદો છે. વધુમાં પેથાપુરમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા નોકરીયાતો દૈનિક આવ જા કરે છે જેઓએ એસ.ટી.ના પાસ પણ કઢાવ્યા હોય છે જેથી તેઓને આર્થિક નુકસાન પણ સહન કરવું પડે છે. નગરપાલિકા બન્યા પછી સુવિધાઓ વધવાની જગ્યાએ મુશ્કેલીઓ વધી રહી છે જેથી આ અંગે યોગ્ય કરવા ઉચ્ચ સત્તાવાળાઓને જણાવેલ હતુ પરંતુ બે માસ ઉપરાંતનો સમય થવા છતાં યોગ્ય પગલા ન લેવાતા પ્રમુખે જણાવ્યું છે કે અમો અમારી માંગણી સંદર્ભે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરીશું.

ચૈત્રી નવરાત્રી ધાર્મિક કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૫

- **સેકટર-૨૩ માઈ મંડળ દ્વારા આનંદનો ગરબો આજ રોજ ગુરુવારે બપોરે ૨.૩૦ થી ૪.૩૦ કલાક દરમિયાન સે-૨૩ સ્થિત શિવશકિત મંદિરે યોજાશે. ભાવિ ભકતોને આનંદના ગરબાનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.**
- **જય બુટભવાની આનંદના ગરબા મંડળ દ્વારા ચૈત્રી નવરાત્રી નિમિત્તે આનંદનો ગરબો આજ રોજ ગુરુવારે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન પુષ્પલતાબેન જેઠવા નિવાસસ્થાન એ-૩૪, અનિદ્યેશ બંગલો, પ્રમુખનગર ખાતે યોજાશે.**
- **ભાવનાબેન ગોકલાણીના મધુર કંઠે આનંદનો ગરબો આજે ગુરુવારે બપોરે ૩ થી ૬ કલાકે સે-૧૭ સ્થિત હનુમાનજીના મંદિરે યોજાશે. ભકતોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.**

સ્વર્ગસ્થ નારાયણ દેસાઈને વિદ્યાપીઠમાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

આજે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ નારાયણ દેસાઈને શ્રધ્ધાંજલિ અર્પણ કરશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીવાદી અને પ્રસિદ્ધ સાહિત્યકાર નારાયણભાઈ દેસાઈને ગુજરાત વિશ્વ કોશ ટ્રસ્ટ શ્રધ્ધાંજલિ અર્પણ કરશે. તા. ૨૬ માર્ચ, ગુરુવાર સાંજે ૫.૩૦ વાગે, ગુજરાત વિશ્વકોશ ભવન, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા અમદાવાદ ખાતે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે. ગાંધીજન નારાયણભાઈ દેસાઈને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા નગરજનોને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સામાન્ય પ્રવાહમાં આજે સંસ્કૃત વિષયની પરીક્ષા

અમદાવાદ, તા.૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલ ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષામાં આવતીકાલે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં સંસ્કૃત વિષયનું પેપર લેવામાં આવશે. આ ઉપરાંત ધોરણ-૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહમાં આવતીકાલે કૃષી જુથ-એમાં દુધ અને દુધની બનાવટો, વાણિજ્ય જૂથ-સીમાં ગુજરાતી મુદ્દાલેખન, ગૃહવિજ્ઞાન જૂથ-એસમાં ઈન્ટીરીવર ડેકોરેશન તેમજ તાંત્રિક જૂથ-ટીમાં ઓટોમોબાઈલ એન્જિન્યરીંગ વિષયની પરીક્ષા લેવામાં આવશે.

વર્લ્ડકપ ક્રિકેટની બીજી સેમિફાઈનલ મેચ રમાય તે પહેલા જોરદાર ક્રિકેટ ક્રેઝ જોવા મળી રહ્યો છે.

સેક્ટર-૧૪માં ચૈત્રી નવરાત્રી નિમિત્તે બહુચર માના આનંદના ગરબા

ગાંધીનગર, તા. ૨૫

શક્તિમંડળના નિમિષાબેન પંડ્યાના કંઠે સરદાર પટેલ હાઉસીંગ કોલોની ૧૦/૧૨૦ નંદાબેન દવેના નિવાસસ્થાને તા. ૨૫મી માર્ચ બુધવારે બપોરે ત્રણ વાગે યોજાશે. તા. ૨૬મી માર્ચે ગુરૂવારે બપોરે ત્રણ વાગે સેક્ટર-૧૪ પ્લોટ નં. ૧૭૦/૨ રમીલાબેન ઠક્કરના ત્યાં યોજાશે.

તા. ૨૭મી માર્ચ, શુક્રવારે ચૈત્ર સુદ આઠમને નિમિત્તે મા બહુચરનો આનંદનો ગરબો પ્લોટ નં. ૧૬૭/૨ સેક્ટર-૧૪ માલતીબેન સોનીના નિવાસે બપોરે ત્રણ વાગે યોજાશે. તા. ૨૮મી માર્ચ શનિવારે સેક્ટર-૧૪ના પ્લોટ નં. ૧૬૦ પુષ્પાબેનના ત્યાં બપોરે ત્રણ વાગે નિમિષાબેન પંડ્યાના મધુરકંઠે ગવાશે. શક્તિમંડળના પુષ્પાબેન પટેલે જણાવેલ છે.

હિટવેવ માટે ચેતવણી વચ્ચે પારો ૪૨ સુધી પહોંચ્યો છે

રાજ્યમાં સૌથી વધારે ગરમી અમરેલીમાં નોંધાઈ : લોકો હવે ગરમીથી પરેશાન : ગરમીથી બચવાના તમામ પ્રયાસો

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદ સહિત ગુજરાતમાં ગરમીથી હવે લોકો પરેશાન થઈ રહ્યા છે. પારો સતત ઉપર જઈ રહ્યો છે. હિટવેવની ચેતવણી વચ્ચે તાપમાનમાં હજુ વધારો થઈ રહ્યો છે. અમદાવાદમાં આજે મહત્તામ તાપમાન ૪૧.૫ ડિગ્રી નોંધાયું હતું જે ગઈકાલે ૪૦.૫ ડિગ્રી હતું. એટલે કે તાપમાનમાં ઉલ્લેખનીય વધારો થયો છે જેથી વધુ ગરમીનો અનુભવ લોકોએ કર્યો છે. આજે ઘણા ભાગોમાં તો તાપમાન ૪૨ સુધી પહોંચી ગયું હતું જેમાં વડોદરા, સુરત અને અમરેલીનો સમાવેશ થાય છે.

રાજ્યના સૌથી ગરમ વિસ્તારની વાત કરવામાં આવે તો અમરેલીમાં મહત્તમ તાપમાન ૪૨.૧ નોંધાયું હતું જ્યારે અહીં લઘુત્તમ તાપમાન ૨૨.૬ ડિગ્રી રહ્યું હતું. વડોદરા અને સુરતમાં પણ પારો ૪૨ સુધી પહોંચ્યો હતો. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧ની આસપાસ રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરાઈ છે. હવામાન વિભાગ તરફથી હિટવેવની ચેતવણી પણ અકબંધ રાખવામાં આવી છે. ઉત્તરથી પૂર્વીય પવનો નીચલી સપાટી ઉપર ફુંકાઈ રહ્યા છે. હવામાન વિભાગનું કહેવું છે કે, હિટવેવની સ્થિતિ એક દિવસ રહી શકે છે. ગુજરાતના અમદાવાદ સહિત મોટાભાગના વિસ્તારોમાં હવે પારો સતત વધી રહ્યો છે. લોકો તીવ્ર ગરમીનો અનુભવ કરવા લાગી ગયા છે. હવે વહેલી સવારે પણ ઠંડીનો અનુભવ થઈ રહ્યો નથી અને ગરમીએ સકંજો જમાવી લીધો છે. દિવસ-રાત હવે પંખા અને એસી ચાલવા લાગી ગયા છે. સવારમાં બાળકો ગરમ પાણીનો ઉપયોગ પણ કરી રહ્યા નથી. આવનાર દિવસોમાં ગરમીના પ્રમાણમાં વધારો થઈ શકે છે. હિટવેવની ચેતવણી જારી થતાં હવે વધુ ગરમીનો અનુભવ થશે. બપોરના ગાળામાં મોટા ભાગે ભરચક રહેતા વિસ્તારોમાં પણ સુમસામની સ્થિતી રહેવા લાગી ગઈ છે. ગરમીના કારણે લોકો હવે ભારે હેરાન પરેશાન દેખાઈ રહ્યા છે.

ગરમીના પ્રમાણમાં વધારો થતાં જુદા જુદા રોગમાં પણ વધારો થવાના સંકેત છે. માત્ર ગુજરાતમાં જ નહી બલ્કે દેશના અન્ય ભાગોમાં પણ હવે ગરમીનું મોજુ ફરી વળ્યું છે. ગરમીના પ્રમાણમાં સતત વધારો થઈ રહ્યો છે. ગરમીનું પ્રમાણ વધતા હવે લોકો તેનાથી બચવા માટેના પ્રયાસોમાં લાગી ગયા છે. બપોરના ગાળામાં રસ્તાઓ સુમસામ બની રહ્યા છે. સાંજે પણ ટ્રાફિકની સ્થિતિ જોવા મળતી નથી.

ગુજરાતમાં સ્વાઈન ફ્લુથી વધુ ચારના મોત નિપજ્યા

અમદાવાદ, તા. ૨૫

ગુજરાતમાં સ્વાઈન ફ્લુના કેસોમાં દિન પ્રતિદિન નોંધપાત્ર ઘટાડો થઈ રહ્યો છે. આજે સ્વાઈન ફ્લુના ગઈકાલના ૨૫ કેસોની સરખામણીમાં ૧૭ કેસ સપાટી ઉપર આવ્યા હતા જેથી કેસોનો આંકડો વધીને હવે ૬૪૫૯ સુધી પહોંચી ગયો છે. સ્વાઈન ફ્લુથી આજે ચાર લોકોના મોત થયા હતા જેમાં અમદાવાદ, સુરત, કચ્છ, વડોદરાનો સમાવેશ થાય છે. સારવાર હેઠળ રહેલા લોકોની સંખ્યા ૧૮૪ રહી છે. આજે ચાર લોકોના મોત સાથે મૃતાંક ૪૨૧ ઉપર પહોંચ્યો છે. સ્વાઈન ફ્લુના નવા કેસોમાં અમદાવાદ અને ગાંધીનગરમાં ૩-૩ કેસો નોંધાયા હતા. ગરમીનો પ્રકોપ સતત વધી રહ્યો છે ત્યારે સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યામાં ઉલ્લેખનીય ઘટાડો થઈ રહ્યો છે. આજે જે ૧૭ નવા કેસો સપાટી પર આવ્યા હતા તેમાં અમદાવાદ અને ગાંધીનગરમાં ત્રણ-ત્રણ કેસો નોંધાયા હતા. આજે વધુ ચારના મોત સાથે મૃતાંક વધીને ૪૨૧ સુધી પહોંચ્યો છે. સ્વાઈન ફ્લુ રોગ થયા બાદ ૧૮૪ લોકો હજુ સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે. જ્યારે સારવાર લીધા બાદ સંપૂર્ણ સાજા થઈ ચુકેલા લોકોની સંખ્યા ૫૮૮૪ સુધી પહોંચી છે. ગુજરાતમાં છેલ્લા બે મહિનાથી વધુ સમયથી ભારે આતંક મચાવનાર કિલર બનેલા સ્વાઈન ફ્લુના કારણે હવે લોકોની દહેશત દુર થઈ છે. સ્થિતી મોટા ભાગે હવે કાબુમાં આવી ગઈ છે. ધીમે ધીમે કેસોની સંખ્યા સતત ઘટી રહી છે. જે સારા સંકેત આપે છે. સ્વાઈન ફ્લુ કાબૂમાં આવી રહ્યો હોવા છતાં હજુ પણ વિષય નિષ્ણાંત તબીબી, ખાનગી હોસ્પિટલના નિષ્ણાંત ડોકટરો, સુપર સ્પેશિયાલીટી ડોકટરો વગેરે સાથે સર્વગ્રાહી સમીક્ષા દ્વારા આઈ.ઈ.સી. ટ્રીટમેન્ટ ગાઈડ લાઈન અપડેટ કરી રોગ નિયંત્રણ કામગીરી વેગવંતી રાખવામાં

પરીક્ષા પુનઃ લેવાશે

- **અનુસંધાન પહેલાનું ચાલુ**

મોડી સાંજે તાકીદની બેઠક પણ યોજવામાં આવી હતી. બોર્ડના સેક્રેટરીએ વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવાશે તેવી ખાત્રી પણ આપી છે. બેક દરમિયાન પરીક્ષા પુનઃ યોજવા માટે પણ સકીય વિચારણા હાથ ધરવામાં આવી હોવાનું ધ્યાને આવ્યું છે.

ટચૂકડી જાહેર ખબર

તંદુરસ્તી સાથે કમાવો

દરરોજ ૨ થી ૪ કલાક કામ કરો અને કમાવો. કોઈપણ આડઅસર વગર, તંદુરસ્ત રહો, કુવરપાઠુ (એલોવેરા) અને મધની પ્રોડક્ટ્સ વાપરીને...

વધુ માહિતી માટે સંપર્ક કરો

મો. : ૯૩૨૭૩ ૯૩૩૯૭

મો. : ૯૩૭૬૨ ૨૮૬૦૯

શબ્દાવલી - ૫૬૮૧

૧		૨	૩	■	૪	૫	
	■	૬		૭			■
૮	૯	■	૧૦			■	૧૧
■		■	૧૨		■	૧૩	
૧૪			■	■	■	■	
૧૫		■	૧૬	૧૭	૧૮		
	■	૧૯				■	
૨૦			■	૨૧			■

આડી ચાવી

૧. દુઃખી, ચિંતીત (૪)
૪. વાહન હાંકનાર, ચાલક(૩)
૬. જર્જરીત, જરીપુરાણુ (૫)
૮. ખારાશવાળુ તત્ત્વ (૨)
૧૦. પારધી, શિકાર કરે તે (૩)
૧૨. ચોપગા પ્રાણીઓના પગના આગળીની જગ્યાએ આખા કે ફાંટાવાળા નખ (૨)
૧૩. નાના છોડ (૨)
૧૪. કુંવારી કન્યા (૩)
૧૬. મતળાવડુ (૫)
૧૯. લાભ કરે તેવું (૪)
૨૦. લક્ષણ, ગુણ, છાપ (૩)
૨૧. નાના બાળકની ઠેલણગાડી (૩)

ઊભી ચાવી

૧. કસોટી (૩)
૨. પ્રતિષ્ઠા, આબરૂ (૨)
૩. સંપૂર્ણ, પુરેપુરું (૪)
૪. બુટની દોરી (૩)
૫. મક્કાની જાત્રા (૨)
૭. ઓડકાર (૩)
૯. રખેવાળી કરનાર (૪)
૧૧. ખરાબ કૃત્ય, પાપનું આચરણ (૫)
૧૪. કાબેલિયત, હોંશિયાર (૪)
૧૬. પેરાલિસીસ (૩)
૧૭. દોઝખ, જહન્નમ (૩)
૧૯. નુર, એક પ્રકારનું સુતર(૨)

શબ્દાવલી ૫૬૮૦ના જવાબ

આડી ચાવી :- (૧) ભરથાર (૪) ચિરાગ (૬) પણ (૭) નવાણ (૯) ધડકણ (૧૧) કસ (૧૩) ગમન (૧૫) સોપ (૧૭) કેક (૧૯) સમ (૨૧) ચિત્તો (૨૨) વડ (૨૩) કરવત (૨૪) મટવો

ઊભી ચાવી :- (૧) ભયાનક (૨) થાપણ (૩) રણ (૪) ચિત્તોડગઢ (૫) ગજાનન (૮) વાસણ (૧૦) કમ (૧૨) રાક્ષસોચિત્ત (૧૪) કસક (૧૬) પત્તો (૧૭) કેવટ (૧૮) કડવો (૨૦) મર

ઉવારસદ ચોકડી પાસે ટ્રકની ટકકરે રિક્ષાચાલકનું મૃત્યુ

અકસ્માત બાદ ટ્રક સાથે ડ્રાઈવર ફરાર

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક ઉવારસદ ચોકડી પાસેથી પસાર થઈ રહેલી રિક્ષાને બેફામ ગતિએ આવતી ટ્રકે અડફેટે લઈલેતા રિક્ષા ફંગોળાઈને રસ્તા પર પટકાઈ હતી. રિક્ષા ચાલકને ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. તો બીજી તરફ ટ્રક સાથે અંધારામાં આરોપી ડ્રાઈવર રફ્ફુચકકર થઈ ગયો હતો. મૃતકના દિકરાની ફરિયાદને આધારે અડાલજ પોલીસે અજાણ્યા ટ્રક ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ શરુ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા ભરતભાઈ ચાવડા ગઈકાલે મોડી સાંજે ઉવારસદ ચોકડી માર્ગ પરથી રિક્ષા લઈને જઈ રહ્યા હતા ત્યારે ધસમસતી આવતી ટ્રકે રિક્ષાને અડફેટે લઈ લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. રિક્ષા ચાલક ભરતભાઈ ચાવડાનું બનાવ સ્થળે જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. અંધારાનો લાભ લને ટ્રક લઈ આરોપી ચાલક પણ ભાગી ગયો હતો. મૃતકના દિકરા નરેશ ચાવડાની ફરિયાદ લઈ અડાલજ પોલીસ મથકના પીએસઆઈ ઝાલાએ અજાણ્યા ટ્રક ચાલક સામે ગુનો નોંધી ઝીણવટભરી તપાસ આરંભી છે. બનાવ સ્થળની આસપાસ કોઈએ ટ્રક નંબર નોંધ્યો છે કે કેમ? તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

એસ.ટી. નિગમનો ચૌદમો નવચંડી યજ્ઞ યોજાશે

કર્મચારીઓનું જીવન સુખમય રીતે પસાર થાય અને તંત્ર આર્થિક રીતે સદ્ધર બને તે હેતુથી સતત ૧૪ વર્ષથી યજ્ઞ યોજાય છે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિગમના કર્મચારીઓ આર્થિક રીતે સદ્ધર બને, નિગમ આર્થિક રીતે સદ્ધર બને તેમજ એસ.ટી. બસને અકસ્માત ન થાય તેવા હેતુથી નવચંડીયજ્ઞ કરવામાં આવે છે. નિગમ દ્વારા સતત ચૌદમા નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર સેકટર-૧૧ એસ.ટી. ડેપોમાં આગામી ૨૮ માર્ચ, શનિવારના રોજ સવારે ૯.૦૦ વાગે કે.સી. બારોટ નિયામક એસ.ટી.અમદાવાદના મુખ્ય મહેમાન પદે અને ભગવાનદાસ પંચાલ, બોર્ડ મેમ્બર ગુજરાત રાજ્ય એસ.ટી. નિગમના અતિથિ વિશેષ પદે નવચંડી યજ્ઞ યોજાશે.

સવારે ૯.૦૦ વાગે સતત ચૌદમા મહાયજ્ઞનો શુભારંભ થશે. બપોરે ૪.૩૦ કલાકે શ્રીફળ હોમાશે. ત્યારબાદ નિગમના સર્વે કર્મચારીઓ પ્રસાદ ગ્રહણ કરશે. મહાયજ્ઞમાં નિગમના કર્મચારીઓનું આયુષ્ય અને જીવન સુખમય નિવડે તેવા આશીર્વાદ આપવા ધોળેશ્વર મહાદેવના મહંત ૧૦૦૮ પરમ પૂજ્ય રામસ્વરૂપ પુરી ઉપસ્થિત રહેશે.

એસ.ટી. નિગમ દ્વારા એસ.ટી. બસ ચલાવતા ડ્રાઈવરથી અકસ્માત ન થાય, નિગમને કોઈ જ પ્રકારની નુકશાની ના આવે અને દરેક કર્મચારીઓના પરિવારજનોનું જીવન સુખમય નિવડે તે માટે છેલ્લા ૧૪ વર્ષથી નવચંડી યજ્ઞ કરવામાં આવે છે.

પ્રશિક્ષણ કેન્દ્ર

- **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તો ક્યાંકને ક્યાંક ચાર્જથી ચાલે છે. તો બીજી બાજુ કર્મચારી ગણ વર્ગ-૩ અને વર્ગ-૪ સહિતના સ્ટાફની પણ મોટી અછત ઉભી થઈ છે.

રાજ્ય સરકારે આ અછત અને યોગ્ય મહેકમ જળવાય રહે તે માટે છેલ્લા એક વર્ષમાં અનેક મોટી મોટી ભરતી પ્રક્રિયા હાથ ધરી છે. જો કે મોટા ભાગની લેખિત પરીક્ષાના પરિણામ જાહેર નથી કર્યા તે પણ હકિકત છે.

વર્તમાન વર્ષે રાજ્યના પોલીસ વિભાગમાં અને અનેક જિલ્લાના વહીવટીતંત્ર ખાલી જગ્યાઓ ભરવા રાજ્ય સરકારે પોલીસ સબ ઈન્સ. એ.એસ.આઈ., કોન્સ્ટેબલની ૭ હજારની વધુની જગ્યાઓ તેમજ જી.પી.એસ.સી. દ્વારા નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદારની ૭૩૭ જગ્યાઓ ભરવા ભરતી પ્રક્રિયા વર્ષના પ્રારંભે શરૂ કરી હતી. ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા બાદ પોલીસ દળમાં જોડાવા માંગતા ઉમેદવારોની શારીરિક કસોટી પણ તાજેતરમાં યોજાઈ હતી. જેમાં પાસ થતાની સાથે જ ઉમેદવારોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

શારીરિક કસોટી પાસ થનાર ઉમેદવારોએ હવે લેખિત પરીક્ષાની તૈયારી માટે ગાંધીનગર શહેરમાં આવી રહ્યા છે. આખા રાજ્ય સૌથી વધુ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ આપતી અનેક સંસ્થા અહી કાર્યરત છે. જ્યાં વિવિધ નિષ્ણાંતો દ્વારા માહિતી અને માર્ગદર્શન આપી રહ્યા છે. રાજ્યના દૂર દૂરના જિલ્લાઓમાંથી આવેલા ઉમેદવારોથી હાલ ગાંધીનગરની સ્પર્ધાત્મક તાલીમ આપતી સંસ્થાઓ રીતસરની ઉભરાઈ રહી છે. આવી સંસ્થામાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઈચ્છુક ઉમેદવારો મોં માંગી ફી સાથે અનેક ભલામણ પણ કરવી પડે છે.

બીજી બાજુ તૈયારી કરવા ઉમટી પડેલા ઉમેદવારોના લીધે ગાંધીનગરની હોસ્ટેલો, પી.જી. હોસ્ટેલો, વિવિધ સમાજની વાડીઓ પણ ખીચોખીચ ભરી ગઈ છે. જ્યારે કેટલાક ઉમેદવારો રહેઆંક વિસ્તારમાં ઉંચુ ભાડુ આપીને પણ રહી રહ્યા છે. દિવસ રાત તનતોડ મહેનત કરતા ઉમેદવારો ક્લાસીસ અને લાયબ્રેરીમાં પરસેવા પાડી રહ્યા છે. એક અંદાજ મુજબ ગાંધીનગર શેહરમાં છેલ્લા બે માસમાં ૪૦ હજારથી વધુ ઉમેદવારો ઉમટી પડ્યા હોવાનું જાણવા મળ્યું છે. અને આગામી સમયમાં આ આંકડો વધી શકવાની સંભાવના પણ છે.

પ્રથમ + બીજી + ત્રીજી તક

સરકારી વાહનોની જાહેર હરાજી

રદબાતલ (કન્ડમ) થયેલ કુલ ૧૦ સરકારી વાહનોની જાહેર હરાજી રાખેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) કચેરીનું નામ : સરકારી વાહન વ્યવહાર સેવાની કચેરી (જીટીએસ), સેક્ટર-૩૦, ગાંધીનગર
(૨) વાહન જોવાનું સ્થળ : જીટીએસ, સેક્ટર-૩૦, ગાંધીનગર
(૩) વાહનોની વિગત : મારૂતિ એસ્ટીમ-૧, શેવરોલેટ ઓપ્ટ્રા-૧, સેલો-૦૮
(૪) હરાજીની તારીખ : ૮/૪/૨૦૧૫
(૫) ડીપોઝીટની રકમ : રૂ. ૨,૦૦૦/-
: બોલી બોલાયેલ રકમના ૨૫ ટકા નાણા તાત્કાલિક ભરવાના રહેશે.

ડીપોઝીટ ભરનારને જ હરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે. અન્ય શરતો હરાજી શરૂ કરતાં અગાઉ વાંચી સંભળાવવામાં આવશે.

સહી/-
માહિતી/૨૬૯૭/૨૦૧૪-૧૫ મનેજેર, જીટીએસ, ગાંધીનગર

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ
'બીજ ભવન', સેક્ટર નં.૧૦-એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. ૨૩૨૫૬૭૧૫, ૨૩૨૫૬૬૮૫
www.gurabini.com
CIN NO. U65410GJ1975SGC002693

કુરીયર મારફત નિગમની ટપાલો મોકલવાની કામગીરી

આ નિગમને સ્થાનિક કક્ષાએ રાજ્યના જુદા જુદા જીલ્લાઓમાં તેમજ રાજ્યની બહારના સ્થળોએ આંગડીયા / કુરીયર મારફત ટપાલો મોકલવાની થતી હોઈ આવા પ્રકારની કામગીરી કરતી તથા પાનકાર્ડ નંબર ધરાવતી પાર્ટીઓ પાસેથી નિગમ દ્વારા નક્કી કરેલ શરતો સાથેના આ કામગીરી માટે કોરા ટેન્ડર ફોર્મ નિગમની વડી કચેરી ગાંધીનગર ખાતેથી કચેરીના કામકાજના ચાલુ દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક દરમિયાન ટેન્ડર દીઠ રૂ. ૨૦૦/- ભરી (પરત નહીં મળવાપાત્ર) તા. ૭/૪/૨૦૧૫ સુધીમાં મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડર સીલબંધ કવરમાં તા. ૧૦/૪/૨૦૧૫ના સાંજના ૧૬.૦૦ કલાક સુધી ઉપરોક્ત સરનામે ટપાલ / કુરીયર કે રૂબરૂમાં મોકલી આપવાના રહેશે.

મેનેજીંગ ડીરેક્ટર

ગાંધીનગર શહેર વિકાસ સત્તામંડળ
બ્લોક નં. ૧૮, ચોથો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧,
ગાંધીનગર. ફોન નં. : ૨૩૨૪૯૦૧૭/૧૮

ટૂંકી મુદતની જાહેર નોટીસ / ટેન્ડર નોટીસ

ગુડા કચેરી ખાતે નિયત નમૂના મુજબ ૫૦૦૦ નંગ ડાયરી તથા ૫૦૦૦ નંગ કેલેન્ડર-૨૦૧૫ તૈયાર કરવા આથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગે અધિકૃત વિક્રેતાઓ અત્રેની કચેરીએથી જરૂરી ટેન્ડર ફોર્મ રૂ. ૫૦૦/- જમા કરાવીને મેળવી શકશે. ટેન્ડર અત્રે રજી.પો.એ.ડી.થી જમા કરાવવાની આખરી તા. ૮/૪/૨૦૧૫ને ૧૭.૦૦ કલાક સુધી રહેશે.

તા. ૨૫/૩/૨૦૧૫ અધિક કલેક્ટર
ગાંધીનગર ગુડા, ગાંધીનગર
માહિતી/૨૭૧૨/૨૦૧૪-૧૫